ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૭૩૦૦
web : http://kskvku.ac.in

રેફઃ ક.યુ/પીએચ.ડી./૨૦૨૬/ 941

તા. ૨૯/૦૬/૨૦૨૬

પ્રતિ,

૧. અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીના તમામ ભવન,

૨. આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ,

**વિષયઃ– પીએચ.ડી. માર્ગદર્શક માન્યતા માટેની અરજીઓ મોકલવા બાબત.**

શ્રીમાન,

જયભારત સાથે ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, યુનિવર્સિટી પીએચ.ડી. માર્ગદર્શક માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓની સ્કુટીની પ્રક્રિયા હાથ ધરવા જઇ રહી છે. જે અન્વયે યુનિવર્સિટી ભવનો/સંલગ્ન કોલેજો ખાતેથી જે અધ્યાપકો પીએચ.ડી. માર્ગદર્શકની માન્યતા માટે અરજી કરવા માંગતા હોય, તેઓએ પીએચ.ડી. માર્ગદર્શક માન્યતા અંગેના યુ.જી.સી. રેગ્યુલેશન, ૨૦૨૨ના નિયમો મુજબ, યુનિવર્સિટીના નિયત નમૂનામાં તા.૦૧/૦૭/૨૦૨૬ સુધીમાં આ સાથે જણાવેલ નિયમોને ધ્યાને રાખી યુનિવર્સિટીને સમયમર્યાદામાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

સમય મર્યાદા બાદ મળેલ અરજીની સ્કુટીની પ્રક્રિયા આ વખતે હાથ ધરી શકાશે નહિ. જે ધ્યાને લેવા વિનંતી.

ઉપરોક્ત તમામ બાબતે આપના વિભાગ/કોલેજોના તમામ અધ્યાપકોને જાણ કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

આભાર સહ.

29/06/26
કુલસચિવ

❖ **<u>પીએચ.ડી. માર્ગદર્શકની માન્યતા મેળવવા બાબતેની સૂચનાઓ :</u>**

૧. પીએચ.ડી. માર્ગદર્શકની માન્યતા માટેની ફોર્મ ફી રૂ. ૧૦૦/–નું બેંકનું ચલણ ભરી, ફોર્મ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગમાંથી મેળવવાનું રહે છે.

૨. પીએચ.ડી. માર્ગદર્શકની માન્યતા મેળવવા માટેનું ફોર્મ અને જરૂરી દસ્તાવેજો નિયમોનુસાર ભરી કુલસચિવશ્રી કાર્યાલય ખાતે મોકલવાના રહે છે.

૩. અધ્યાપક એક થી વધારે વિષય માટે અરજી કરે તો તેઓએ દરેક વિષય માટેની અલગ અરજી તેમજ અલગ ફી ભરવાની રહે છે.

૪. પીએચ.ડી. ગાઇડશીપ માટે માન્યતા મેળવનાર અધ્યાપકની કોલેજ કચ્છ યુનિવર્સિટીની રીસર્ચ સેન્ટરની માન્યતા ધરાવતી હોય તે ફરજિયાત છે : તા.૨૨/૦૪/૨૦૨૫ના રોજ યોજાયેલ બોર્ડ ઓફ ડીન્સના ઠરાવ નં. ૪ મુજબ "સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી કોલેજોમાં જે કોલેજો રીસર્ચ સેન્ટરો ધરાવતી હશે, અને એ રીસર્ચ સેન્ટરોમાં જે અધ્યાપકશ્રીઓ કાર્યરત હશે તે અધ્યાપકશ્રીઓને પીએચ.ડી. ગાઇડ તરીકેની માન્યતા આપી શકાશે અને જે કોલેજો રીસર્ચ સેન્ટરોમાં કાર્યરત નહિ હોય તેઓને પીએચ.ડી. ગાઇડ તરીકે માન્યતા આપી શકાશે નહિ."

૫. જે કોલેજોએ હજુ રીસર્ચ સેન્ટરની માન્યતા માટેની અરજી કરેલ ન હોય અને જો રીસર્ચ સેન્ટરની માન્યતા મેળવવા ઇચ્છુક હોય તેવી કોલેજોએ યુનિવર્સિટીની વેબસાઇટ પર આપેલ રીસર્ચ સેન્ટરની માન્યતા માટેનું અરજી ફોર્મ ભરી અરજી કરી શકે છે.

---

Krantiguru Shyamji Krishna Verma Kachchh University - Bhuj-Kachchh.
Bhuj-Kutch
370 001.